પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ  વર્ષ : ૨૮  અંક : ૧૦૬  કુલ પાના : ૪  તારીખ : ૨૫-૧૨-૨૦૨૪  બુધવાર  કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97  9712880678  panchmahalsamachar@gmail.com  panchmahalsamachar  panchmahalsamachar  www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

"કિસાન સૂર્યોદય યોજના" હેઠળ

## ૯૬ ટકા ગામના ખેડૂતોને દિવસે વીજળી: રાત્રિના ઉજાગરામાંથી ખેડૂતોને મુક્તિ અપાઈ




ગાંધીનગર,

રાજ્ય સરકાર દ્વારા લાખો ખેડૂતોના હિતમાં દિવસે વિજળી આપવાના મહત્વના નિર્ણયનો રાજ્યના ૯૬ ટકા ગામોમાં અમલ કરીને ખેડૂતોને રાત્રે ઉજાગરામાંથી મુક્તિ આપવામાં આવી છે. ગુજરાતના કુલ ૧૮,૨૨૫ ગામ પૈકી ૧૭,૧૯૩ ગામમાં ૨૦,૫૧,૧૪૫ જેટલા ખેતીવાડી વીજ જોડાણો કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૬,૫૬૧ ગામના ૧૮,૯૫,૭૪૪ જેટલા ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી આપવાનું શરુ કરી દેવામાં આવ્યું છે, તેમ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

ઊર્જા મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, "કિસાન સૂર્યોદય યોજના" અંતર્ગત ૯૬ ટકા ગામના ખેડૂતોને દિવસે વીજળી મળી રહી છે. જેમાં બાકી રહેતા ૪ ટકા ગામો પૈકી મોટા ભાગના ગામો દેવભૂમિ દ્વારકા, કચ્છ અને બનાસકાંઠા જિલ્લાના છે. આ બાકી રહેલા ૬૩૨ જેટલા ગામના ૧,૫૫,૪૦૧ જેટલા ખેડૂતોને એટલે કે ૪ ટકા ગામના ખેડૂતોને પણ સત્વરે દિવસે વીજળી આપી શકાય તે માટેની કામગીરી પ્રગતિમાં છે અને આ કામગીરી સત્વરે પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઊર્જામંત્રી દેસાઈએ જણાવ્યું કે, દિવસે વીજળી મેળવી રહેલા ૧૬,૫૬૧ ગામના ખેડૂતો પૈકી ૧૧,૯૨૭ ગામના ખેડૂતોને સિંગલ શિફ્ટમાં સવારે ૮ થી સાંજના ૪ અને સવારે ૯ થી સાંજના ૫ વાગ્યાના સમય દરમિયાન દિવસે વીજળી આપવામાં આવે છે તથા ૪,૬૩૪ ગામના ખેડૂતોને બે શિફ્ટમાં એટલે કે સવારે ૫ થી બપોરના ૧ અને બપોરના ૧ થી સાંજે ૯ વાગ્યા સુધી દિવસે વીજળી આપવામાં આવી રહી છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

ઊર્જા મંત્રીએ કહ્યું હતું કે, સુશાસનના ભાગ રૂપે આજે ગાંધીનગર જિલ્લામાં નાનાચીલોડા અને સરગાસણ, બનાસકાંઠાના થરાદ, અમદાવાદના ઘુમા અને બાકરોલ તેમજ ખેડા જિલ્લામાં પીપલગ ખાતે એમ કુલ ૬ નવી પેટા વિભાગીય કચેરીઓ મંજૂર કરવામાં આવી છે. જેમાં અંદાજે ૨૫૧ જેટલા અધિકારી - કર્મચારીઓનું મહેકમ પણ મંજૂર કરવામાં આવ્યું છે.

### ૧૬ હજારથી વધુ ગામના ૧૮.૯૫ લાખથી વધુ ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી મળશે, ઊર્જામંત્રી

વધુમાં, છેલ્લા ત્રણ વર્ષમાં ૩૦ નવી પેટા વિભાગીય અને ૩ વિભાગીય કચેરીઓ મંજૂર કરીને રાજ્ય સરકારે સતત ખેડૂતોના હિતની ચિંતા કરી છે. છેલ્લા દાયકામાં ખેડૂતોને ૧૦ લાખ જેટલા નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે, એટલે કે વર્ષે સરેરાશ ૧ લાખ જેટલા નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે. હાલમાં નવીન ખેતીવાડી વીજ જોડાણ આપવામાં કોઈ પણ જાતનો વાંધો કે વિરોધ ન આવે તો ૩-૪ મહિનામાં વીજ જોડાણ આપી દેવામાં આવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ઊર્જા મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતનો સરેરાશ માથાદીઠ વીજવપરાશ ૨,૨૩૮ યુનિટ છે જે દેશની સરેરાશ માથાદીઠ વીજવપરાશ ૧,૨૫૫ કરતાં લગભગ બમણા જેટલો છે, જે રાજ્યના વિકાસને પ્રતિબિંબિત કરે છે. "પીએમ સૂર્યઘર મુફ્ત બીજલી યોજના" હેઠળ દેશના ૧ કરોડના લક્ષ્યાંક સામે ગુજરાતમાં ૨ લાખ ૪૨ હજારથી વધુ વીજ ગ્રાહકોના મકાન પર ૯૦૦ મેગા વોટથી વધુ ક્ષમતાની સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરીને ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.

## સરકારે લાઈટ બિલમાં કરી ઘટાડાની જાહેરાત, ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાના ઘટાડો

ગાંધીનગર,

ગુજરાતના તમામ ગ્રાહકો માટે ગુજરાત સરકારે મોટી ક્રિસમસ ગિફ્ટ આપી છે. ગુજરાતીઓના માથા પરથી ગુજરાત સરકાર મોટો બોજો હટાવવા જઈ રહી છે. ગુજરાતના ૧.૬૫ કરોડ ગ્રાહકોને લાઈટ બિલમાં રાહત આપતો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી તમારું વીજળીનું બિલ ઘટી જશે. ઉર્જા મંત્રી કનુ દેસાઈએ વીજળીમાં યુનિટ દીઠ ૪૦ પૈસા ફ્યુઅલ ચાર્જ ઘટાડવાની જાહેરાત કરી છે.

'સુશાસન દિવસ' નિમિત્તે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા વીજ ગ્રાહકના હિતમાં મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઓકટોબર ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪માં વસૂલાત પાત્ર ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે, જે બીજો સુધારો ના થાય ત્યાં સુધી ચાલુ રહેશે તેમ, આજે ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું.

ઊર્જા મંત્રી દેસાઈએ કહ્યું હતું કે, ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાના ઘટાડાના પરિણામે રાજ્યના અંદાજે ૧.૭૫ કરોડ ગ્રાહકોને ઓકટોબરથી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન કરેલ વીજ વપરાશ ઉપર આશરે રૂ.૧,૧૨૦ કરોડનો લાભ થશે.

ઊર્જા મંત્રીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરાયેલ ફ્યુઅલ સરચાર્જની ફોર્મ્યુલા મુજબ એપ્રિલ-૨૦૨૪થી સપ્ટેમ્બર ૨૦૨૪ના સંબંધિત ત્રિમાસિક સમયગાળા દરમિયાન વીજ બળતણના ભાવોમાં થયેલ ફેરફાર મુજબ રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપની દ્વારા ગ્રાહકો પાસેથી રૂ. ૨.૮૫ પ્રતિ યુનિટનો ફ્યુઅલ સરચાર્જની વસૂલાત કરવામાં આવતી હતી. વધુમાં તેમણે કહ્યું કે, ઓક્ટોબર -૨૦૨૪ થી ડિસેમ્બર ૨૦૨૪ના પ્રવર્તમાન ત્રિમાસિક સમયગાળા દરમિયાન પણ રૂ. ૨.૮૫ પ્રતિ યુનિટ ના દરે ફ્યુઅલ સરચાર્જની વસૂલાત કરવામાં આવે છે. રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓ દ્વારા ચાલુ વર્ષ દરમિયાન અસરકારક રીતે ફ્યુલ સરચાર્જનો દર જાળવી રાખ્યો છે. વધુમાં, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન યોગ્ય અને કાર્યક્ષમ વીજ ખરીદના સંચાલન અને સ્થિર વીજ ખરીદના દરને ધ્યાને લઈ, રાજ્ય સરકાર દ્વારા ગ્રાહકોના વિશાળ હિતમાં ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટ ૪૦ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જે મુજબ તા. ૦૧.૧૦.૨૦૨૪થી પ્રવર્તમાન ત્રિમાસિક સમય ગાળા દરમિયાન કરેલ વીજ વપરાશ ઉપર ગ્રાહકોને પ્રતિ યુનિટ ૪૦ પૈસાનો લાભ થશે. તેમણે ઉમેર્યું કે, ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪ના ગાળામાં આ ફ્યુઅલ સરચાર્જનો દર રૂ. ૨.૮૫થી ઘટાડીને રૂ. ૨.૪૫ પ્રતિ યુનિટના દરની વસૂલાત કરવામાં આવશે. આ ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાના ઘટાડાના પરિણામે રાજ્યના અંદાજે ૧.૭૫ કરોડ ગ્રાહકોને ઓકટોબરથી ડિસેમ્બર ૨૦૨૪ દરમ્યાન કરેલ વીજ વપરાશ ઉપર આશરે રૂ ૧૧૨૦ કરોડનો લાભ થશે. વધુમાં, જે રહેણાંકીય ગ્રાહકો દ્વારા માસિક ૧૦૦ યુનિટનો વીજ વપરાશ કરવામાં આવે છે, તેવા કિસ્સામાં ઉપરોક્ત ફ્યુઅલ સરચાર્જના ઘટાડાને પરિણામે અંદાજે રૂ ૫૦ થી ૬૦/-ની માસિક બચત થશે તેમ, મંત્રીએ વધુ વિગતો આપતાં ઉમેર્યું હતું.

## સંજય રાઉતે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે રાજકીય સમાધાનની અટકળોને નકારી

### રાજ ઠાકરે એક અલગ પાર્ટીનું નેતૃત્વ કરે છે, તેમના રોલ મોડલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ અને દેવેન્દ્ર ફડણવીસ છે

મુંબઈ,

ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે અને એમએનએસ વડા રાજ ઠાકરે મહારાષ્ટ્રમાં એક પારિવારિક લગ્ન દરમિયાન મળ્યા હતા. સોમવારે રાજ ઠાકરેની બહેન જયવંતી ઠાકરે-દેશપાંડેના પુત્રના લગ્ન સમારોહમાં બંને ભાઈઓ સાથે જોવા મળ્યા હતા. બંને વચ્ચે વાતચીત પણ થઈ હતી. બંનેની તસવીર પણ સામે આવી હતી, જે બાદ બંને વચ્ચે રાજકીય સમાધાનની અટકળો શરૂ થઈ હતી. આ દરમિયાન શિવસેના યુબીટી સાંસદ સંજય રાઉતનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું છે કે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે વચ્ચેના રાજકીય તાલમેલ અંગે કંઈપણ કહેવું વહેલું ગણાશે.

પત્રકારો સાથે વાત કરતા સંજય રાઉતે કહ્યું કે મહારાષ્ટ્રને ઠાકરે પરિવાર સાથે ઊંડો લગાવ છે. જો ઉદ્ધવ અને રાજ સાથે આવશે તો મહારાષ્ટ્રની જનતા ખુશ થશે. રાઉતે કહ્યું કે રાજ ઠાકરે એક અલગ પાર્ટીનું નેતૃત્વ કરે છે, તેમના રોલ મોડલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ અને દેવેન્દ્ર ફડણવીસ છે, જ્યારે અમારા માટે તેઓ મહારાષ્ટ્રના દુશ્મન છે.

રાજ અને ઉદ્ધવ વચ્ચે રાજકીય સમાધાનની અટકળોને નકારી કાઢતા તેમણે કહ્યું કે ઉદ્ધવ અને રાજ ઠાકરે પરિવારના સભ્યો છે. તેમણે કહ્યું કે ઉદ્ધવ અને રાજ ઠાકરેની પારિવારિક સમારોહમાં સભાને રાજકીય પરિપ્રેક્ષ્યથી જોવી બહુ વહેલું ગણાશે.

રાઉતે વધુમાં કહ્યું કે (એનસીપી ચીફ) અજિત પવાર તેમના કાકા શરદ પવારને પણ મળે છે. રોહિત પવાર (એનસીપી,એસપી ધારાસભ્ય ) પણ તેમના કાકા અજિત પવારને મળે છે. પંકજા મુંડે અને તેમના પિતરાઈ ભાઈ ધનંજય મુંડે અલગ-અલગ પક્ષોના સભ્યો છે, પરંતુ તેઓ મુંડે પરિવારના સભ્યો છે. જ્યાં પૂર્વ મુખ્યમંત્રી નારાયણ રાણેના પુત્રો અલગ-અલગ પાર્ટીમાં છે, તેમ છતાં બધા એકબીજાને મળે છે.

રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે બંનેના પરિવારના સભ્યો દાદરમાં આયોજિત કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉદ્ધવના મોટા ભાઈ જયદેવ ઠાકરેની પૂર્વ પત્ની સ્મિતા ઠાકરે પણ હાજર હતી. ગત સપ્તાહની શરૂઆતમાં રાજ ઠાકરેએ રશ્મિ ઠાકરેના ભાઈ શ્રીધર પાટણકરના પુત્રના લગ્નમાં હાજરી આપી હતી. જોકે, ઉદ્ધવ આવે તે પહેલા જ તેઓ ત્યાંથી નીકળી ગયા હતા.

રાજ ઠાકરેએ ૨૦૦૫માં શિવસેના છોડી અને બીજા વર્ષે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની રચના કરી. ત્યારથી બંને ભાઈઓ વચ્ચે તણાવ વધી ગયો હતો. બંને વચ્ચે વર્ષો સુધી વાતચીત થઈ ન હતી. તાજેતરમાં યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં શિવસેના યુબીટીએ ૨૦ બેઠકો જીતી હતી. જ્યારે રાજની પાર્ટીને એક પણ સીટ મળી નથી.

## ગુજરાતમાં કડકડતી ઠંડીના કહેર વચ્ચે કમોસમી વરસાદની આગાહી



અમદાવાદ,

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં કડકડતી ઠંડી વચ્ચે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે ૨૬ થી ૨૯ ડિસેમ્બર ત્રણ દિવસ સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં માવઠું પડે તેવી શક્યતા છે.

આ ઉપરાંત કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં માવઠાની શક્યતા છે. તેમજ મહિસાગર, પંચમહાલ, છોટાઉદેપુર, દાહોદમાં પણ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ સહિતના જિલ્લાઓમાં કમોસમી વરસાદની પડે તેવી આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત ઉત્તર પૂર્વ રાજસ્થાનથી પવન ફૂંકાતા અસર દેખાઈ છે.હવામાન વિભાગની આગાહી અનુસાર આજે અમદાવાદ, આણંદ, અરવલ્લી, દાહોદ, ખેડા, મહીસાગર, પોરબંદર, પંચમહાલ સહિતના જિલ્લાઓમાં ૧૫ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહે તેવી સંભાવના છે. આ ઉપરાંત કચ્છ, મોરબી, મહેસાણા, પાટણ, રાજકોટ સહિતના જિલ્લાઓમાં ૧૨ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહે તેવી સંભાવના છે. બીજી તરફ સુરેન્દ્રનગર, જુનાગઢમાં ૧૩ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહે તેવી સંભાવના છે.

## લસણ ૪૦ થી ૪૦૦ સુધી પહોંચ્યું, સરકાર ઉંઘી રહી છે, રાહુલ ગાંધી



નવીદિલ્હી,

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ મોંઘવારી મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરી છે.એક વીડિયો શેર કરતા તેણે લખ્યું, લસણ એક સમયે ૪૦ રૂપિયા હતું, આજે ૪૦૦ રૂપિયા પ્રતિ કિલો છે. વધતી જતી મોંઘવારીએ સામાન્ય માણસનું રસોડાનું બજેટ ખોરવી નાખ્યું છે. સરકાર કુંભકરણની જેમ સૂઈ રહી છે.રાહુલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે શાકભાજી માર્કેટમાં શાકભાજી વેચનાર પાસેથી અલગ-અલગ શાકભાજીના ભાવ પૂછી રહ્યો છે. રાહુલ સાથે મહિલાઓ પણ છે. એક મહિલા કહે છે કે સોનું સસ્તું થશે પણ લસણ નહીં.

એક મહિલાએ જણાવ્યું હતું કે સલગમ જે એક સમયે ૩૦-૪૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળતા હતા તે હવે ૬૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળે છે. વટાણા ૧૨૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળે છે. શાકમાર્કેટ ગીરી નગરનું છે. રાહુલ ગાંધીએ મહિલાઓને કહ્યું કે દર વર્ષે મોંઘવારી વધી રહી છે. તેનાથી તમારા પર દબાણ વધશે. રાહુલે પૂછ્યું કે શું જીએસટીને કારણે મોંઘવારી વધી છે. તેના પર મહિલાઓએ કહ્યું કે તેમાં ઘણો વધારો થયો છે.

## હમાસના ભૂતપૂર્વ વડા ઈસ્માઈલ હાનિયાની હત્યામાં ઈઝરાયેલનો હાથ હતો

ગાઝા

ઈઝરાયેલે હમાસ નેતા ઈસ્માઈલ હનીયેહની હત્યા કરી: ઈઝરાયેલના સંરક્ષણ પ્રધાન કાત્ઝે પ્રથમ વખત હમાસના નેતા ઈસ્માઈલ હનીયેહની હત્યાની જવાબદારી લીધી છે. રક્ષા મંત્રીએ પુષ્ટિ કરી છે કે ઈઝરાયલે ઈરાનમાં હમાસના ટોચના નેતા હાનિયાની હત્યા કરી હતી. ઈઝરાયેલના સંરક્ષણ મંત્રીએ યમનમાં હુથી વિદ્રોહીઓને પણ ચેતવણી આપી છે. કાત્ઝે પણ હુથી નેતૃત્વ સામે સમાન પગલાં લેવાની વાત કરી છે.

રક્ષા મંત્રી ઈઝરાયેલ કાત્ઝે પહેલીવાર ઈસ્માઈલ હાનિયાની હત્યાનો સ્વીકાર કર્યો છે. આ વર્ષે જુલાઈમાં ઈરાનમાં એક વિસ્ફોટમાં હાનિયાનું મોત થયું હતું. ઈસ્માઈલ હાનિયાના મૃત્યુ બાદ એવું માનવામાં આવતું હતું કે વિસ્ફોટ પાછળ ઈઝરાયેલનો હાથ હતો. જો કે અત્યાર સુધી આ અંગે કોઈએ ખુલીને કંઈ કહ્યું નથી. હવે કાત્ઝના નિવેદનથી સ્પષ્ટ છે કે હાનિયા ઈઝરાયેલના નિશાના પર હતી.

એક ભાષણમાં, સંરક્ષણ પ્રધાન કાત્ઝે કહ્યું કે હુથી બળવાખોરો સમાન ભાવિનો સામનો કરશે. તેણે એમ પણ કહ્યું કે ઈઝરાયેલે અન્ય હમાસ અને હિઝબોલ્લાહ નેતાઓને મારી નાખ્યા છે, સીરિયાના બશર અસદને ઉથલાવી દેવામાં મદદ કરી છે અને ઈરાનની વિમાન વિરોધી સિસ્ટમનો નાશ કર્યો છે.

ઈઝરાયેલના સંરક્ષણ પ્રધાને કહ્યું કે અમે હુથીઓના વ્યૂહાત્મક માળખા પર હુમલો કરીશું અને નેતૃત્વનો શિરચ્છેદ કરીશું. "જેમ અમે તેહરાન, ગાઝા અને લેબનોનમાં હાનિયા, સિનવર અને નસરાલ્લાહ સાથે કર્યું હતું, તેમ અમે હોડેદા અને સનામાં પણ તે જ કરીશું," તેમણે અગાઉના ઈઝરાયેલી હુમલાઓમાં માર્યા ગયેલા હમાસ અને હિઝબોલ્લાહ નેતાઓનો ઉલ્લેખ કરતા કહ્યું.

આ દરમિયાન અહીં એ પણ જણાવી દઈએ કે ઈરાન સમર્થિત હુથીઓએ ઈઝરાયેલ પર મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો છે. તાજેતરમાં તેલ અવીવમાં એક મિસાઈલ પડી હતી અને આ હુમલામાં ઓછામાં ઓછા ૧૬ લોકો ઘાયલ થયા હતા. ઈઝરાયેલે યમનમાં બળવાખોરોની જગ્યાઓને નિશાન બનાવીને અનેક હુમલા પણ કર્યા છે.

## ગુજરાતમાં ૫ ધારાસભ્ય સાથે ૩૦ લોકોની સુરક્ષા પાછી ખેંચી લીધી




ગાંધીનગર,

ગુજરાતના ગૃહ વિભાગે પાંચ ધારાસભ્ય સાથે ૩૦ લોકોની સુરક્ષા વ્યવસ્થા પાછી ખેંચી લીધી છે. ગૃહ વિભાગ દ્વારા મળેલી સમીક્ષા બેઠના અંતે આ નિર્ણય લેવાયો છે. ધારાસભ્યોની સાથે અન્ય મહાનુભાવોને અપાયેલી સુરક્ષા પાછી ખેંચી લેવાઈ છે. દર છ માસે ગૃહ વિભાગ, રાજ્ય પોલીસ વડા અને આઈબી સહિત અધિકારીઓની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજાય છે.

જે ધારાસભ્યની સુરક્ષા પાછી ખેંચાઈ છે તેમાં દિનેશ ઠાકોર ધારાસભ્ય, ચાણસ્મા,સંજય સિંહ મહિડા ધારાસભ્ય, મહુધા ,રમણ પાટકર ધારાસભ્ય, ઉમરગામ ,શામજી ચૌહાણ ધારાસભ્ય, ચોટીલા ,મોહનભાઈ ઢોડિયા ધારાસભ્ય, મહુવા,નો સમાવેશ થાય છે જયારે અન્ય લોકોની સુરક્ષા પાછી ખેંચી છે તેમાં કલ્પેશ ગોસ્વામી, કચ્છ,રાકેશ પારેખ, વડોદરા દિલીપ ત્રિવેદી,વિહિપ,સીતારામ મારવાડી અમિત શર્મા, અમદાવાદ સાજણભાઈ ઓડેદરા, પોરબંદર ,ઢેલી બેન ઓડેદરા, પોરબંદર ,વિક્રમ ઓડેદરા ગાંગા માલદે ઓડેદરા,જે કે ભટ્ટ, માનવ અધિકાર આયોગ એ કે દુબે દિવ્યા રવિયા જાડેજા -એસીબી,દિનેશ બાંભણિયા બી એસ ઉપાધ્યાય

હવે વાત કરીએ કે કેમ આ સુરક્ષા પાછી ખેંચી લેવાઈ. ગુજરાતમાં કોઈ હસ્તીને ધમકી મળી હોય અથવા તેમના જીવને જોખમ હોય તો તેમને આઈબીના ઈનપુટના સહારે સલામતી વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે. જોકે, થોડા બાદ ખતરો ટળી જતા આ સુરક્ષા પાછી ખેંચી પણ લેવાય છે. ત્યારે પાંચ ધારાસભ્યો સાથે આવા ૩૦ જેટલા વીઆઈપીની સુરક્ષા વ્યવસ્થા પાછી ખેંચી લેવામાં આવી છે.

સુરક્ષા પાછી ખેંચવાનો નિર્ણય રાજ્યના આઈબી સહિતના ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓની મળેલી સમીક્ષા બેઠકના અંતે લેવામા આવ્યો છે. આ બેઠક દર છ મહિને યોજાતી હોય છે. જે એક નિયમિત પ્રોસેસ છે. પાસ કન્વીનર દિનેશ બાંભણિયાની સુરક્ષા પરત લેવાઈ છે. જોકે, આ લિસ્ટમાં એકમાત્ર કલ્પેશ ગોસ્વામી એવા છે, જેઓએ પોતાની સુરક્ષા પાછી ખેંચવા અરજી કરી હતી.

## ખાલિસ્તાનીઓ ૩૦ ડિસેમ્બરે ભારત અને રશિયાના દૂતાવાસ પર કબજો કરશે, પન્નુ

નવીદિલ્હી,

રશિયા પર ભારતને "રાસાયણિક શસ્ત્રો" પૂરા પાડવાનો આરોપ લગાવતા સોમવારે શીખ્સ ફોર જસ્ટિસે ૩૦ ડિસેમ્બરના રોજ લંડન, ઓટાવા અને વોશિંગ્ટન ડીસીમાં રશિયન અને ભારતીય દૂતાવાસ પર કબજો કરવાની અને રાજદ્વારીઓને નિશાન બનાવવાની ધમકી આપી હતી.

એસએફજેના વડા ગુરપતવંત સિંહ પન્નુએ એક સંદેશમાં જણાવ્યું હતું કે, "શંભુ સરહદ પર શીખ ખેડૂતોને નિશાન બનાવવા માટે રશિયન રાસાયણિક ટીયર ગેસ ગ્રેનેડનો ઉપયોગ કરવા બદલ મોદી સરકારનું આંતરરાષ્ટ્રીયકરણ અને પર્દાફાશ કરવા માટે, અમે ૩૦ ડિસેમ્બરે લંડન, ઓટાવા અને વોશિંગ્ટન ડીસીમાં રહેતા રશિયન અને ભારતીય દૂતાવાસને પકડીશું."

પન્નુએ કહ્યું કે, "પુતિને પંજાબ સામે યુદ્ધની ઘોષણા કરી છે અને ખાલિસ્તાન તરફી શીખો, શીખ ખેડૂતો સામેના ગુનાઓ માટે રશિયન રાજદ્વારીઓને વૈશ્વિક સ્તરે જવાબદાર ઠેરવશે." પન્નુના જણાવ્યા અનુસાર, એસએફજે સમર્થકોમાં ભારતીય રાજદૂત ક્વાત્રા, રશિયન રાજદૂત સ્ટેપનોવ અને રાજદૂત કે. આન્દ્રે પર હુમલો કરશે.

તાજેતરમાં એસએફજેએ ગૃહમંત્રી અમિત શાહ પર શંભુ બોર્ડર પર હડતાળ પર બેઠેલા ખેડૂતો પર "રાસાયણિક શસ્ત્રો"નો ઉપયોગ કરવાનો આરોપ પણ મૂક્યો હતો. શંભુ બોર્ડર પર નવા ખેડૂતોના આંદોલન દરમિયાન, સુરક્ષા દળોએ આંદોલનકારીઓને વિખેરવા માટે ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો. પંજાબના ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરના જણાવ્યા અનુસાર, પોલીસ દળોની કાર્યવાહી દરમિયાન લગભગ ૧૭-૧૮ ખેડૂતો ઘાયલ થયા છે. સોશિયલ મીડિયા પર ફરતા એક વીડિયો સંદેશમાં પન્નુએ પંજાબના ખેડૂતોને ટીયર ગેસના ઉપયોગ સામે ૩૦ ડિસેમ્બરે વિરોધ દિવસ મનાવવાની અપીલ કરી છે.

પન્નુએ દાવો કર્યો છે કે, "પંજાબના ઘણા શીખ ખેડૂતો પર શંભુ સરહદ પર છેલ્લા એક વર્ષમાં અર્ધલશ્કરી દળો અને હરિયાણા પોલીસ દ્વારા રાસાયણિક ગ્રેનેડ-ટીયર ગેસથી હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં સેંકડો લોકોએ તેમની આંખો ગુમાવી હતી." અમિત શાહને "રસાયણ મંત્રી" ગણાવતા પન્નુએ કહ્યું કે, "હરિયાણા પોલીસ દ્વારા શીખ ખેડૂતો પર ઉપયોગમાં લેવાતા કેમિકલ ગ્રેનેડ (ટીયર ગેસ) પર યુક્રેનમાં ઉપયોગમાં લેવાતા રશિયન રાસાયણિક શસ્ત્રો જેવા જ ડાગા છે."આ દરમિયાન, પીલીભીતમાં ત્રણ ખાલિસ્તાન તરફી આતંકવાદીઓ પોલીસ દ્વારા માર્યા ગયાના કલાકો પછી, એસએફજેએ ઉત્તર પ્રદેશમાં "મહાકુંભ ૨૦૨૫" ને નિશાન બનાવવાની ધમકી આપી છે.

સોશિયલ મીડિયા પર ફરતા એક વીડિયો સંદેશમાં પન્નુએ તેને નકલી એન્કાઉન્ટર ગણાવ્યું અને કહ્યું કે, ગુરદાસપુરના ત્રણ શીખ યુવકોને ઉત્તર પ્રદેશ પોલીસે પીલીભીતમાં નકલી એન્કાઉન્ટરમાં માર્યા હતા. પન્નુએ કહ્યું કે, "એસએફજે 'મહાકુંભ ૨૦૨૫'ને નિશાન બનાવીને નકલી એન્કાઉન્ટરનો બદલો લેશે અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને જવાબદાર ઠેરવવામાં આવશે." તમને જણાવી દઈએ કે ઉત્તર પ્રદેશ અને પંજાબ પોલીસના સંયુક્ત ઓપરેશનમાં પીલીભીતમાં એક એન્કાઉન્ટરમાં ત્રણ ખાલિસ્તાન સમર્થક આતંકવાદીઓ માર્યા ગયા હતા. અધિકારીઓએ ઘટનાસ્થળેથી બે એકે શ્રેણીની એસોલ્ટ રાઈફલ અને બે ગ્લોક પિસ્તોલ જપ્ત કરી છે.

## સંભલની શાહી જામા મસ્જિદનો સર્વે રિપોર્ટ લગભગ તૈયાર, ૨-૩ જાન્યુઆરી સુધીમાં કોર્ટમાં રજૂ કરાશે

સંભલ,

ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લાની જામા મસ્જિદનો સર્વે રિપોર્ટ ૨ અથવા ૩ જાન્યુઆરી સુધીમાં કોર્ટમાં રજૂ કરવામાં આવશે. એડવોકેટ કમિશનર રમેશ સિંહ રાઘવે મંગળવારે જણાવ્યું હતું કે શાહી જામા મસ્જિદનો સર્વે રિપોર્ટ લગભગ અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં પૂર્ણ થશે. આ કેસમાં સુપ્રીમ કોર્ટે ટ્રાયલ કોર્ટને ૬ જાન્યુઆરી સુધી કોઈ કાર્યવાહી ન કરવા માટે સ્ટે ઓર્ડર આપ્યો છે. આવી સ્થિતિમાં આ તારીખ પહેલા સર્વે રિપોર્ટ દાખલ કરવામાં આવશે.

અહેવાલ મુજબ, એડવોકેટ કમિશનર રાઘવે વધુમાં કહ્યું કે કેટલીક ટેકનિકલ સમસ્યાઓ છે, જેને આજે સુધારી લેવામાં આવશે. કારણ કે આ કોર્ટનો છેલ્લો કામકાજનો દિવસ છે જેના પછી તેને બંધ કરી દેવામાં આવશે. જ્યાં સુધી સર્વે રિપોર્ટની વાત છે, તે ૨ અથવા ૩ જાન્યુઆરીએ ફાઈલ કરવામાં આવશે. રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે અને ટૂંક સમયમાં પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.

શાહી જામા મસ્જિદ અંગે, સ્થાનિક અદાલતે, ૧૯ નવેમ્બરે હિન્દુ પક્ષની દલીલો સાંભળ્યા પછી, એડવોકેટ કમિશનર વતી મસ્જિદના સર્વેક્ષણ માટે એક પક્ષીય આદેશ પસાર કર્યો હતો. એવો દાવો કરવામાં આવ્યો હતો કે મુગલ સમ્રાટ બાબર દ્વારા ૧૫૨૬માં એક મંદિરને તોડીને મસ્જિદ બનાવવામાં આવી હતી.

તે જ સમયે, ૨૪ નવેમ્બરના રોજ સર્વેના બીજા રાઉન્ડ દરમિયાન, વિરોધ કરી રહેલા સ્થાનિક લોકોની પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. થોડી જ વારમાં તેણે હિંસાનું સ્વરૂપ લઈ લીધું. આમાં ચાર લોકોએ જીવ પણ ગુમાવ્યા હતા. કેટલાક પોલીસ અધિકારીઓને પણ ઈજાઓ થઈ હતી અને ઘણા સૈનિકો પણ ઘાયલ થયા હતા. આ હિંસામાં અન્ય ડઝનેક લોકો ઘાયલ પણ થયા છે. આ પછી સમગ્ર વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી હતી.

આ મામલાને લઈને સુપ્રીમ કોર્ટે ૨૯ નવેમ્બરે સંભલની ટ્રાયલ કોર્ટને મુઘલ કાળની શાહી જામા મસ્જિદ અને તેના સર્વે સાથે સંબંધિત કેસની કાર્યવાહી રોકવા માટે કહ્યું હતું. આ સિવાય રાજ્ય સરકારને હિંસા પ્રભાવિત વિસ્તારમાં શાંતિ અને સૌહાર્દ જાળવવા સૂચના આપવામાં આવી હતી.

# બાલાસિનોરમાંથી ૧૪.૨૪ લાખના મોબાઈલ ચોરી કરનાર બે આરોપીઓની ધરપકડ

- આરોપીઓએ પંચમહાલ,ખેડા મહીસાગર અને અરવલ્લી જીલ્લામાં પણ ચોરીઓ કરી હોવાની કબુલાત કરી.
- ચોરી માટે ઉપયોગમાં લીધેલ કાર તથા બે મોબાઈલ મળી ૧૫ લાખનો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો.





બાલાસિનોર,

રાત્રિના સમયે રોડ ઉપરની પાન ગલ્લાની દુકાનો તેમજ કરિયાણાની દુકાનોની રેકી કરી ગેસ કટર વડે દુકાન તોડી ચોરી કરતા બે આરોપીઓને બાલાસિનોર ટાઉન પોલીસે ઝડપી લીધા છે. આરોપીઓએ ૧૦ દિવસ પહેલા બાલાસિનોર મોબાઈલની દુકાન તોડી ૧૪.૨૪ લાખ રૂપિયાની કિંમતના ૫૧ મોબાઈલની ચોરી કરી હતી. ઝડપી લેવામાં આવેલ આરોપીએ અન્ય જીલ્લામાં પણ ચોરીઓ કરી હોવાનું તપાસમાં ખુલ્યું છે.

બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સરવરીયા ગામે ૧૦ દિવસ પહેલા રાત્રિના સમયે મોબાઈલની દુકાન તોડી ચોર ચોરથી તેમાંથી અલગ અલગ કંપનીના ૫૧ મોબાઈલ ચોરી ગઈ હતી. ૧૪,૨૪,૯૪૯ રૂપિયાની કિંમતના મોબાઈલની ચોરી થતો બાલાસિનોર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસ તપાસ ચલાવી રહી હતી, તે સમયે પીઆઈ એમ.કે.ખાંટની મળેલ માહિતી અને ટેકનિકલ સરેરાશના આધારે ૧૪.૨૪ લાખ રૂપિયાના મોબાઈલ ચોરનાર બે આરોપીઓ ફિરોજ મોહમ્મદ રફીક ભિસ્તી અને સાદિક મોહમ્મદ રફીક ભિસ્તી (બંને રહેવાસી સિગ્રલ ફળિયા, મસ્જિદ પાસે, ગોધરા)ની ધરપકડ કરવામાં આવી હતી. આ બંને આરોપીઓ પાસેથી ચોરીનો ઉપયોગમાં લેવાયેલ એક કાર અને બે મોબાઈલ મળી ૧૫,૦૪,૯૪૯/– રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

બાલાસિનોર ટાઉન પોલીસે બંને આરોપીઓની પૂછ પરત કરતો આરોપીઓ રાત્રિના સમયે રોડ ઉપરની પાન ગલ્લાની દુકાનો તેમજ ખાસ કરીને કરિયાણાની દુકાનોની અગાઉથી રેખી કરતા હતા અને ગેસ કટર વડે દુકાન તોડી ચોરીઓ કરતા હતા. બંને આરોપીઓએ પંચમહાલ મહીસાગર ખેડા તેમજ અરવલ્લી જીલ્લામાં પણ ચોરિયો કરી હોવાની કબુલાત કરી હતી.

### બંને આરોપીઓએ કયાં કયાં ચોરીયો કરી...

૧ પંચમહાલના ગોધરા મુનલાઈટ વિસ્તારમાં દોઢ માસ અગાઉ કરિયાણાની દુકાનમાં કરિયાણાના સામાન તથા રોકડ રકમની ચોરી કરી.
૨.ખેડાના ઉમરેઠ ઓડ બજાર વિસ્તારમાં બે– અઢી માસ પહેલાં પાન પડીકીની દુકાનમાં વિમલ તથા સિલ્વર પડીકીના પેકેટ તથા રોકડની ચોરી કરી.
૩.અરવલ્લીના બાયડ માધવ ચોકડી ખાતે દોઢ મહિના પહેલા હોલસેલ કરિયાણાની દુકાનમાં તેલના ડબ્બા તથા રોકડ રકમની ચોરી કરી.
૪.મહીસાગરના ધોળી ડુંગળી ચોકડી થી વિરપુર રોડ ઉપર બાર ચોકડી ખાતે એકાદ મહિના પહેલા પાન મસાલાના ગલ્લા માંથી સિલ્વર પડીકીના પેકેટ તથા રોકડ રકમની ચોરી કરી.
૫.બાલાસિનોર દેવ ચોકડી તરફ આશરે ૧૦ દિવસ પહેલા મોબાઈની દુકાન માંથી ૧૪ લાખની કિંમત ના ૫૧ મોબાઈલની ચોરી કરી.
૬.મહીસાગરના હાડોડ ત્રણ રસ્તા ખાતે ૧૫ દિવસ પહેલા કરિયાણાની દુકાનમાં તેલના ડબ્બા તથા રોકડ રકમની ચોરી કરી.
૭.અરવલ્લીના મોડાસા માલપુર ચોકડીથી શામળાજી રોડ તરફની આશરે એકાદ માસ પહેલો પાન મસાલા ના ગલ્લામાંથી રોકડ રકમની ચોરી કરી.
૮.ખેડાના ઠાસરા રેલવે સ્ટેશનની સામે એકાદ માસ પહેલા કરિયાણાની દુકાનનું શટલ તોડવાનો પ્રયાસ કર્યો.

# સંતરામપુર જનરલ નર્સિંગ કોલેજમાં હોસ્ટેલના અભાવે વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલી

સંતરામપુર,

સંતરામપુરમાં જનરલ નર્સિંગ કોલેજમાં ૯૦ની સંખ્યામાં વિદ્યાર્થીઓ અહીંયા શિક્ષણ મેળવે છે. બીએસસી નર્સિંગ, જીએનએમ અલગ અલગ પ્રકારના કોર્સ કરતી હોય છે, પરંતુ હોસ્ટેલ અને કોલેજ બંને ભેગા હોવાના કારણે વિદ્યાર્થીઓને હાલાકી ભોગવવી પડતી હોય છે. ૨૦૧૫માં શરૂ કરેલી આ કોલેજમાં અત્યાર સુધીમાં હોસ્ટેલના બનાવવાના કારણે વિદ્યાર્થીઓને રહેવા માટે મુશ્કેલી ઊભી થઈ રહી હતી. ૯૦ વિદ્યાર્થીઓને અગડતા પડતી હોય છે, સરકાર માંથી



મંજુર થયા પછી પણ આજદિન સુધી હોસ્ટેલની કામગીરી કરવામાં નથી આવતી અને બનાવવામાં પણ નથી. આ કોલેજમાં સરકાર માન્યતા હોવાના કારણે મેરીટના આધારે ગુજરાત પરના અલગ અલગ જગ્યાથી વિદ્યાર્થીઓ નર્સિંગ કરવા માટે અહીં આવતા હોય છે. નિયમ મુજબ વિદ્યાર્થીઓ બહારમાં રહી શકતા નથી અને કેમ્પસની બહાર પણ જઈ શકતા નથી અને બહાર પણ રૂમ રાખીને રહી શકતા નથી. એક જ બિલ્ડિંગમાં બંને વસ્તુ સમાવેશ કરવામાં કેટલાક પ્રશ્નો ઊભો થતા હોય છે. શિક્ષણ માટેની બનવાનું બિલ્ડીંગ હવે વિદ્યાર્થીઓને હોસ્ટેલ તરીકે પણ ઉપયોગ કરવા મજબૂર બન્યા હતા, પરંતુ અત્યાર સુધીમાં આ કામગીરી કરવામાં આવેલી જ નથી. આ કોલેજમાં શિક્ષણ માટેના અલગ અલગ કોર્સ હોય છે. જે અલગ અલગ રૂમના અંદર સ્ટડી કરવામાં આવતું હોય છે. વિભાગ વાઈઝ વિદ્યાર્થીઓની અલગ રહેવાનું હોય છે, પરંતુ હોસ્ટેલના અભાવે એક સાથે બધી છોકરીઓને ભેગો રહેવું પડતું હોય છે અને સારી રીતે શિક્ષણ પણ મેળવી શકતા નથી.

# સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં દર્દીઓને સારવાર અને ચીફ કઢાવવા માટે લેપટોપ અને કોમ્પ્યુટરનો ઉપયોગ કરાશે

સંતરામપુર,

સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં નવા વર્ષથી હવે પેપર લેસ બનશે. દર્દીઓની સારવાર અને ચીફ કઢાવવા માટે લેપટોપ અને કોમ્પ્યુટરનો ઉપયોગ કરવામાં આવશે, બની રહેલું ધીરે ધીરે ડિજીટલ ઈન્ડિયામાં સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં નવા વર્ષથી હવે દરેક કામગીરી કોમ્પ્યુટર અને લેપટોપનો ઉપયોગ કરતી અત્યાર થી સંતરામપુર સ્થિર હોસ્પિટલમાં કોમ્પ્યુટરની સામગ્રી આવી ગયેલી હતી. દર્દીઓની લાઈનમાં ઊભું રહીને જે કેસ પાડવાનું હોય છે તે સંપૂર્ણ રીતે બંધ કરી દેવામાં આવશે. ધીરે ધીરે અલગ અલગ વિભાગોમાં કોમ્પ્યુટર દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવશે અને તબીબોને લેપટોપ આપવામાં આવશે. સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં મોટા પ્રમાણમાં કોમ્પ્યુટરનો જથ્થો પણ આવી ગયેલો છે. હવે દર્દીઓને સારવાર કરવા માટે ડિજીટલ રીતે નામ નોંધણી અને દવા લખવામાં આવશે અને ઓનલાઈન રીતે કેટલા દર્દીઓ રોજિંદી સારવાર લઈ રહ્યા છે. કેટલા દર્દીઓ હાલમાં હોસ્પિટલમાં દાખલ છે, તે પણ ઓલ ગુજરાતમાં જોઈ શકાશે. ઓનલાઈન તેજ તે રીતની ડિજીટલ અને પેપર લેસ કરી દેવામાં આવશે. તમામ કામગીરી કોમ્પ્યુટર અને લેપટોપ દ્વારા જ કરાશે. હવે નવા વર્ષથી સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ પેપર લેસ બનશે અને ડિજીટલ માટે તમામ સ્ટાફ અને તબીબોને પણ તાલીમ પણ આપવામાં આવશે અને દર્દીઓને હાલાકી પણ નહીં પડે તે રીતની પણ સુવિધા પૂરી પાડવામાં આવશે.

# બાલાસીનોરના જેઠોલી ગામ પાસે ભાટીયા તળાવ માંથી એક વ્યકિતનો મૃતદેહ મળ્યો



બાલાસીનોર,

મહીસાગર જીલ્લાના બાલાસિનોર તાલુકામાં જેઠોલી ગ્રામ પંચાયત વિસ્તારમાં ભાટિયા તળાવમાં સવારના સમયે એક ઈસમની લાશ તરતી હોવાથી ગામના લોકો એકત્ર થઈ ગયા હતા અને બાલાસિનોર ગ્રામ્ય પોલીસને જાણ કરાઈ હતી. જ્યારે તળાવ માંથી લાશને બહાર કાઢતા મૃતકની ઓળખ કરાઈ છે. જેમાં મૃતક દેવાભાઈ જવાનભાઈ ચૌહાણ વાવળી ગામના હતા અને તેઓ પાંચ દિવસથી લાપતા હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. બાલાસિનોર ગ્રામ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# મહીસાગર કલેકટર કચેરી ખાતે કલેકટરના અધ્યક્ષ સ્થાને સુશાસન દિવસની ઉજવણી અંતર્ગત જીલ્લા કક્ષાની કચેરીઓને પ્રમાણપત્ર એનાયત કરાયા

મહીસાગર,

૨૫ ડિસેમ્બરે ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીની જયંતી નિમિત્તે સુશાસન દિવસ મનાવવામાં આવે છે.જે અંતર્ગત આજ રોજ મહીસાગર કલેકટર કચેરી ખાતે કલેકટર નેહા કુમારીના અધ્યક્ષ સ્થાને સુશાસન દિવસની ઉજવણી અંતર્ગત જીલ્લા કક્ષાના કાર્યક્રમમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શ્રેષ્ઠ અને ઊળચલિશક્ષલ તરીકે પસંદ થયેલ કચેરીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા.

જીલ્લામાં સુશાસન દિવસની ઉજવણી અંતર્ગત આજ રોજ જીલ્લા કક્ષાની કચેરીઓમાં પડતર તુમાર નિકાલની ઝુંબેશ; રેકર્ડ વર્ગીકરણની કાર્યવાહી; રેકર્ડ રૂમની સાફ–સફાઈ, નિભાવણી ,જાળવણી અને યોગ્ય રીતે રેકર્ડ દયાને લેતાં જીલ્લા વહીવટી તંત્ર દ્વારા BEST અને EMERG-ING કેટેગરીમાં જીલ્લા કચેરીઓને પ્રમણપત્ર એનાયત કરવામાં આવ્યા. જેમાં પ્રથમ નંબરે પ્રાયોજના વહીવટદાર કચેરી અને બીજા સ્થાને ડિઝાસ્ટર મામલતદાર કચેરીને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં જીલ્લા વિકાસ અધિકારી સી.એલ.પટેલ, પ્રાયોજના વહીવટદાર યુવરાજ સિદ્ધાર્થ, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ચંદ્રિકાબેન ભાભોર, લુણાવાડા પ્રાંત અધિકારી આનંદ પાટિલ સહિત સંકલનના તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત રાજય યોગ એવોર્ડ માટે તા.૩૧ ડિસેમ્બર સુધી અરજી કરવાની રહેશે

મહીસાગર,

રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત રચિત ગુજરાત રાજય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા યોગને પ્રોત્સાહન આપવા તથા યોગ બોર્ડ સાથે સંકળાયેલ યોગ કોર્ડીનેટર, યોગ કોચ તથા યોગ ટ્રેનરને પ્રોત્સાહન મળે તે માટે ગુજરાત રાજય યોગ એવોર્ડ આપવાનું નક્કી કરેલ છે. જે અંતર્ગત શ્રેષ્ઠ યોગ કોઓર્ડીનેટર–રાજ્ય કક્ષા, શ્રેષ્ઠ યોગ કોચ–જીલ્લા કક્ષા અને શ્રેષ્ઠ યોગ ટ્રેનર–જીલ્લા કક્ષા એમ ત્રણ કેટેગરીમાં યોગ એવોર્ડ આપવામાં આવનાર છે.

આ એવોર્ડ માટે અરજી કરતી વખતે તે/તેણી ગુજરાત રાજય યોગ બોર્ડ સાથે સંકળાયેલ હોવો જોઈએ અને યોગ કોચ તથા યોગ ટ્રેનર તરીકેનું સર્ટીફીકેટ ધરાવતો હોવો જોઈએ, નોમિનેશન સમયે તેણે/તેણીએ ઓછમાં ઓછા છેલ્લા ત્રણ વર્ષમાં યોગમાં યોગદાન આપેલું હોવું જોઈએ, ઊંમરની પાત્રતા બાબતે કોઈ બાધ નથી. કોઈપણ વ્યક્તિ અરજી કરી શકશે. આ એવોર્ડ કેટેગરીવાઈઝ આજીવન માત્ર એક જ વાર મળવાપાત્ર રહેશે. સહભાગીએ તેમની સાથે ચોક્કસ અને અદ્યતન કરેલ પ્રોફાઈલ (બાયોડેટા) પુરાવા સાથે જમા કરાવવા આવશ્યક છે.

અરજી કરતી વખતે નામ, ફોટો, સરનામું અને ફોન નંબર જેવી વિગતો અને છેલ્લા ત્રણ વર્ષમાં કરેલા કામના ફોટોગ્રાફ સાથેના નક્કર પુરાવાઓ સામેલ રાખવાના રહેશે. અધૂરી માહિતીવાળી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં, આ એવોર્ડ માટે કેટેગરી વાઈઝ ઉત્કૃષ્ટ કામગીરીના ફોટોગ્રાફ અને લખાણ સાથેના વધુમાં વધુ પાંચ પાનાના પુરાવા સાથેનો એક પાનાનો બાયોડેટા જીલ્લા યુવા વિકાસ અધિકારી, જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની મહીસાગર , જીલ્લા સેવા સદન રૂમ નં.૨૧૨ બીજો માળ ખાતે તારીખઃ ૩૧/૧૨/૨૦૨૪ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂબરૂ અરજી આપવાની રહેશે.

અરજી ગુજરાતી, હીન્દી અને અંગ્રેજી પૈકીની કોઈપણ ભાષામાં કરવાની રહેશે, કોઈ પણ એક જ કેટેગરીમાં ભાગ લઈ શકશે. એકથી વધુ કેટેગરીમાં ભાગ લેનાર સહભાગીની તમામ અરજીઓ રદ કરવામાં આવશે. વધુ માહિતી માટે સ્થાનિક જીલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

# SAC, ISRO, અમદાવાદ અને નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના સંયુક્ત ઉપક્રમે ત્રિદિવસીય વિક્રમ સારાભાઈ અંતરિક્ષ પ્રદર્શન કાર્યક્રમનો ઉદ્ઘાટન સમરોહ યોજાયો



દાહોદ,

તા. ૨૪/૧૨/૨૪, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજમાં તારીખ ૨૪,૨૫,૨૬ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન ત્રિદિવાસીય વિક્રમ સારાભાઈ અંતરીક્ષ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમના ભાગરૂપે મુખ્ય અતિથી તરીકે દાહોદ જીલ્લાના કલેક્ટર યોગેશ નિરગુડે(IAS) ઉપસ્થિત રહયા હતા. આ સાથે જીલ્લા શિક્ષણ અધિકારી એસ.એલ.દામા પણ હાજર રહયા હતા અને SAC,ISRO ના સીનીયર સાયંટિસ્ટ ડો.ભટ્ટ અને બિન્દવ પંડ્યા સાથે તેમની સંપૂર્ણ ટિમ હાજર રહી હતી.

મુખ્ય અતિથી દાહોદ જીલ્લાના કલેકટર યોગેશ નિરગુડે(IAS) તેમજ ઉપસ્થિત મહેમાનો દ્વારા વિક્રમ સારાભાઈ અંતરીક્ષ પ્રદર્શન દાહોદ જીલ્લા માટે ખુલ્લું મુકાયું હતું. આ ત્રિ–દિવસીય કાર્યક્રમમાં દાહોદ જીલ્લાની તમામ શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લે અને ખગોળ શાસ્ત્ર તથા વિજ્ઞાન વિષયમાં રૂચિ કેળવે તે હેતુ થી સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. અહી ૧૫ જેટલી પેનલ ૧૦ વર્કિંગ મૉડેલ જેમાં ચંદ્રયાન, મંગલયાન GSLV,PSLV સાથે સ્પેસ ઓન વિલ જેવા આકર્ષક અંતરીક્ષ નમુનાઓની ગોઠવણી કરવામાં આવી છે તથા આ કાર્યક્રમના ભાગરૂપે રૉકેટ લૉંચિંગ જેવા પ્રયોગોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં આશરે ૧૦ થી ૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ મુલાકાત લે તેવો અંદાજ છે. આ કાર્યક્રમનું આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડો.ગૌરાંગ ખરાદીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

# ધાનપુરના પીપેરા ચોકડી પાસે ગુરૂ ગોવિંદજીની પ્રતિમાની સ્થાપના કરી સમાજને એક જુથ થવા અપીલ

દાહોદ,

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના પીપેરો ચોકડી ખાતે આદિવાસી સમાજના ભગવાન એવા ગુરૂ ગોવિંદજીની પ્રતિમાનું ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજયમાંથી આવેલા આદિવાસી આગેવાનોની ઉપસ્થિતીમાં ગુરૂ ગોવિંદજીની પ્રતિમાની સ્થાપના કરી સમાજના આગેવાનોએ આદિવાસી સમાજના લોકોને હવે એકજુથ થવા અપીલ કરવામાં આવી હતી.

થોડા દિવસો પહેલા ધાનપુરના પીપેરો ચોકડી ખાતે આદિવાસી સમાજના લોકો દ્વારા તેઓના ભગવાન ગણાતા એવા ગુરૂ ગોવિંદજીની પ્રતિમાની સ્થાપના કરવાની કામગીરી કરી રહ્યાં હતા. તે સમયે દેવગઢ બારીઆના ધારાસભ્ય અને મંત્રી એવા બચુભાઈ ખાબડ દ્વારા આદિવાસી સમાજના લોકો સાથેની વાતચીતમાં તેઓ દ્વારા ત્યાં કામગીરી કરી રહેલા લોકોને આતંકવાદી પ્રવૃતિઓ બંધ કરવાનું જણાવી અને તાત્કાલિક આ કામગીરી બંધ કરવાનું કહેવામાં આવ્યું હતું. ત્યારે આ સમગ્ર વાચતીતનો વિડીયો ઉપસ્થિત આદિવાસી સમાજના લોકોએ ઉતારી લઈ સોશિયડ મીડીયામાં વાઈરલ કરી દેતાં દાહોદ જીલ્લાના આદિવાસી સમાજની સાથે સાથે મધ્યપ્રદેશ અને રાજસ્થાનના આદિવાસી સમાજના લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. તેની સાથે દાહોદ જીલ્લાના આદિવાસી સમાજ દ્વારા પોલીસ મથકે જઈ બચુ ખાબડ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લેખિત રજુઆત પણ પોલીસ સમક્ષ કરવામાં આવી હતી. ત્યારે આજરોજ ધાનપુરના પીપેરો મુકામે પહોંચેલા ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના આદિવાસી સમાજના આગેવાનોની ઉપસ્થિતીમાં સમગ્ર દાહોદ જીલ્લાના આદિવાસી સમાજના લોકો પીપેરો મુકામે પહોંચી ગયાં હતાં. જ્યાં સમાજના આગેવાનોની ઉપસ્થિતીમાં ગુરૂ ગોવિંદજીની પ્રતિમાની પીપેરો ચોક ખાતે સ્થાપના કરવામાં આવી હતી. આદિવાસી સમાજના આગેવાનોએ ત્યાં હાજર આદિવાસી સમાજના લોકો જણાવ્યું હતું કે, આદિવાસીઓએ હવે એકજુથ થવાનો વારો આવી ગયો છે. શિક્ષણ, નોકરી, વિકાસ વિગેરે ક્ષેત્રે આદિવાસીઓએ આગળ આવવું પડશે. બધુ વેર, દ્વેષ ભાવના ભુલીને આદિવાસી સમાજનો વિકાસ કરવાનો છે. તેમ ઉપસ્થિત આદિવાસી સમાજના લોકોને સમાજના આગેવાનો દ્વારા અપીલ કરવામાં આવી હતી.

## આપની આજ.......

મેષઃ દિવસની શરૂઆતમાં થોડો તણાવ રહી શકે છે. પતિ-પત્નીના સંબંધોમાં મધુરતા રહેશે. ધનના લાભ સાથે-સાથે વ્યયની પણ સ્થિતિ બની શકે છે.

વૃષભઃ અકારણ જ કોઈ વિવાદમાં પડશો નહીં. આજે કંઈક નવું કરવાની ઈચ્છા અને જોશ રહેશે. પારિવારિક પરિસ્થિતિઓ સુખદ અને સુખમય રહેશે.

મિથુનઃ આજે મોટાભાગનો સમય માર્કેટિંગને લગતા કાર્યોમાં પસાર થશે. આજે સ્વાસ્થ્યમાં થોડી નબળાઈ અને થાક અનુભવ થશે. ઘરમાં થોડી સુખ-સુવિધાઓને લગતી વસ્તુઓની ખરીદદારી થશે.

કર્કઃ કાર્યસ્થળમાં કોઈ મુશ્કેલી આવવાથી કોઈ અનુભવી વ્યક્તિનું માર્ગદર્શન અને સલાહ તમારા માટે ઉપયોગી રહેશે. પ્રેમ સંબંધમાં ભાવનાત્મક સ્તર ગાઢ બનશે. અચાનક જ કોઈ ખર્ચ સામે આવવાથી આર્થિક સ્થિતિ ખરાબ થઈ શકે છે.

સિંહઃ નોકરી કે વ્યવસાયમાં કોઈ પ્રકારે પેપરને લઈને ગડબડી થઈ શકે છે. આ સમયે ઘરના કોઈ વડીલ સભ્યના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે. તમારા ભાવી લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે યોગ્ય રીતે કામ કરવાની તમારી રીત સફળ થશે. વિના કારણે કોઈના કાર્યોમા દખલ આપશો નહીં.

કન્યાઃ પારિવારિક વાતાવરણ સુખદ તથા પ્રેમ પૂર્ણ રહી શકે છે. રાજકીય કાર્યોમાં કોઈ મહત્ત્વપૂર્ણ વ્યક્તિની મદદ મળી શકે છે. કોઈ વિવાદિત મામલો કોઈની દખલ દ્વારા ઉકેલાઈ શકે છે.

તુલાઃ જીવનસાથી સાથે ઘરની વ્યવસ્થાને લઈને થોડો તણાવ રહી શકે છે. કોઈ વસ્તુના ખોવાઈ જવાથી કે રાખીને ભૂલી જવાની સ્થિતિ બની શકે છે. સ્વાસ્થ્ય સારું રહેશે.

વૃશ્ચિકઃ કોઈ જૂના મિત્ર સાથે મુલાકાત થવાથી તમે ફ્રેશ રહેશો. વ્યવસાયમાં આ સમયે આર્થિક સ્થિતિ અનુકૂળ રહેશે. પારિવારિક મામલાઓને શાંતિથી ઉકેલો. થોડી નકારાત્મક વાતો પણ સામે આવી શકે છે.

ધનઃ પતિ-પત્ની એકબીજાની ભાવનાઓનું સન્માન કરશે. કામકાજમાં તમે વ્યસ્ત રહી શકો છો. કામ વધારે હોવા છતાં તમે ઘર-પરિવાર માટે પણ સમય કાઢી લેશો. વાહન સાચવીને ચલાવો.કોઈ લક્ષ્ય તમારી આંખથી ઓઝલ થઈ શકે છે.

મકરઃ આજનો દિવસ તમને અનેક રીતે સફળતા આપનાર રહેશે. પ્રેમ સંબંધ વધારે ગાઢ બનશે. શરદી, તાવ વગેરે થઈ શકે છે. તમારી કાર્યપ્રણાલીમાં ફેરફાર વ્યવસાય માટે પોઝિટિવ રહેશે.

કુંભઃ જીવનસાથીનો ઘર-પરિવાર પ્રત્યે પૂર્ણ સહયોગ રહેશે. તમારા ઈગો અને ગુસ્સા જેવી ખામીઓ ઉપર કાબૂ મેળવવાની કોશિશ કરો. વ્યક્તિગત વ્યસ્તતાના કારણે કાર્યક્ષેત્રમાં વધારે ધ્યાન આપી શકશો નહીં.

મીનઃ વ્યવસાયિક બધા જ કાર્યો યોગ્ય રીતે ચાલતાં રહેશે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. આ સમયે તમારા વ્યવહારને સહજ જાળવી રાખો તો સારું રહેશે. આજે તમે યોજનાબદ્ધ રીતે તમારી કાર્યપ્રણાલી બનાવશો અને સફળ પણ રહેશો.

सत्यमेव जयते
ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત



ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન

# શ્રી અટલ બિહારી વાજપેયીને

જન્મજયંતી પર કોટિ કોટિ વંદન...



## ૨૫મી ડિસેમ્બર

# સુશાસન દિવસ

ગુડ ગવર્નન્સ ડે

## સુશાસનને મળશે નવો આયામ

'મારી યોજના' પોર્ટલનું લોકાર્પણ

'સ્વાગત ૨.0' અને 'કનેક્ટ ગુજરાત'નું લોકાર્પણ

વિજ્ઞાન અને તકનિકી વિભાગના પ્રકલ્પોનું લોકાર્પણ

શ્રમ અને રોજગાર વિભાગના નવા સેવા કાર્યોનું લોકાર્પણ

i-GoT પોર્ટલ પર સરકારી અધિકારીઓ-કર્મચારીઓના ક્ષમતા નિર્માણ માટેના ગુજરાત પેજનું અનાવરણ

સમય - સવારે ૧૧:૦૦ વાગે | સ્થળ - નર્મદા હૉલ, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર

ઉજવણી સુશાસનની, અટલ જનવિશ્વાસની

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# અમદાવાદ-દાહોદ નેશનલ હાઈવે ભથવાડા ટોલનાકા નજીક વહેલી સવારે ખાનગી ટ્રાવેલ્સ અને ટ્રેલર વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં ૧૧ મુસાફરોને ઈજાઓ

દાહોદ,

અમદાવાદ–દાહોદ નેશનલ હાઈવે રોડ ઉપર સંતરોડ નજીક આવેલ ભથવાડા ટોલનાકા પાસે અમદાવાદ થી ભોપાલ તરફ જઈ રહેલ ખાનગી ટ્રાવેલ્સ અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને લઈ ટ્રાવેલ્સમાં સવાર ૨૫ થી વધુ મુસાફરો પૈકી ૧૧ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની ઘટનાને ગોધરા ફાયર બ્રિગેડના જવાનોને ટ્રાવેલ્સમાં મુસાફરોનું રેસ્કયુ કરીને બહાર કાઢવામાં આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર માટે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડ્રાઈવરની હાલત નાજુક હોવાથી વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવામાં આવ્યા હતા.



અમદાવાદ–ઈન્દોર નેશનલ હાઈવે રોડ ઉપર આવેલ સંતરોડ નજીક આવેલ ભથવાડા ટોલનાકા નજીકમાં વહેલી સવારે અમદાવાદ થી ભોપાલ તરફ જઈ રહેલ ખાનગી ટ્રાવેલ્સ અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ટ્રેલર અને ટ્રાવેલ્સ વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં ટ્રાવેલ્સમાં મુસાફરી કરતા ૨૫ થી વધુ મુસાફરો ટ્રાવેલ્સમાં ફસાઈ ગયા હતા. આ દરમિયાન ગોધરાના ઓફ ડ્યુટીમાં દાહોદ ગયેલ ફાયર ફાયટરો ક્રિષ્ના સોલંકી, રીસી ગુર્જર, રાજ રાઠવાને ભથવાડા ટોલનાકા પાસે અકસ્માત થયાની જાણ થઈ હતી. જેથી ફાયર ફાયટરો તાત્કાલીક પહોચીને ટ્રાવેલ્સમાં ફસાયેલ ૨૫ થી વધુ મુસાફરોને ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડ્રાઈવરની હાલત અત્યંત નાજુક હોય જેને લઈ વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવામાં આવ્યા હતા. અકસ્માત ઈજાગ્રસ્ત થયેલ અમદાવાદ થી ભોપાલ જતી ટ્રાવેલ્સમાં એક સર્ગભા મહિલા પણ મુસાફરી કરતી હોય જેમને ફાયર બ્રિગેડના ક્રિષ્ના સોલંકી દ્વારા સફળતા પૂર્વક રેસ્કયુર કરી ટ્રાવેલ્સ માંથી બહાર કાઢવામાં આવ્યા હતા. ભથવાડા ટોલનાકા નજીક થયેલ અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને અકસ્માતની ઘટનાની તપાસ કરી હતી.

### રાજ્યસભા સાંસદ દ્વારા સંતરોડ પાસે પાનમ નદી ઉપર બંધ કરેલ બ્રીજ પુનઃ શરૂ કરવા

# નવીન બ્રિજની કામગીરી વહેલી તકે ઝડપથી શરૂ કરવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી અને કંપનીના ઉચ્ચ સત્તાધીશોનો સંપર્ક કરી સૂચના આપી

ગોધરા,

નેશનલ હાઈવે નં.૫૯ કે જે અમદાવાદ, ગોધરા, દાહોદ થઈ ઈન્દોર તરફ જતો આંતર રાજયને જોડતો રાષ્ટ્રીય ધોરી માર્ગ છે. આ માર્ગ પર ચોવીસ કલાક સતત વાહનોની અવરજવર રહે છે. આ માર્ગ પર સંતરોડ પાસે પાનમ નદી પર આવેલ જૂનો બ્રીજ કે જે છેલ્લા ઘણા સમયથી સદંતર બંધ હાલતમાં છે. જેના પરિણામે તમામ વાહનો નવીન બ્રીજ પર ડાયવર્ટ કરેલ છે. જેના લીધે અહીં વારંવાર ટ્રાફિક જામ થઈ જાય છે અને ભયંકર અકસ્માતો સર્જાય છે. આ અંગે સ્થાનિક આગેવાનોએ અનેકવાર રજુઆતો કરવા છતાં કોઈ જ કાર્યવાહી હાથ ધરાયેલ નહોતી. જેથી આ બંધ કરેલ જુનો બ્રીજ પુનઃ કાર્યાન્વિત કરવા અંગેની અનેક રજૂઆતો રાજયસભા સાંસદ ડો. જશવંતસિંહ પરમારને મળી હતી.

જે સંદર્ભમાં રાજ્યસભા સાંસદ ડો. જશવંતસિંહ પરમારે અંગત રસ લઈ નેશનલ હાઈવે નં.૫૯ના સબંધિત ઉચ્ચ અધિકારીઓ સાથે પરામર્શ કરતાં જાણવા મળેલ છે કે, આ માર્ગ પર સંતરોડ પાસે પાનમ નદી પર આવેલ જૂનો બ્રીજ કે જે સને ૧૯૫૬માં બનેલ હતો. જેને ૬૮ વર્ષનો સમય થયેલ છે. નેશનલ હાઈવે ઓથોરિટીના કન્સલ્ટન્ટ મેસર્સ આઈ.સી.ટી. પ્રા.લિમીટેડ દ્વારા જુના બ્રીજની ચકાસણી કરી સ્ટ્રકચરલ ઓડિટ રિપોર્ટ આપી આ જુનો બ્રીજ ઉપયોગ કરવા લાયક ન હોવાનો સ્પષ્ટ રિપોર્ટ આપેલ હતો. જેથી સાવચેતીના ભાગરૂપે ફેબ્રુઆરી–૨૦૨૩ થી આ જુના બ્રીજ ને બંધ કરી તમામ વાહનો નવીન બનેલ પુલ પર ડાયવર્ટ કરેલ હતા. જેના લીધે વાહન ચાલકો અને આમજનતાને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

હાલમાં આ જુના બ્રીજ ને તોડી નવીન ડીઝાઈન સાથેની બાંધકામની કામગીરી ગોધરા એકસપ્રેસ વે પ્રાઈવેટ લિમીટેડને સોંપવામાં આવેલ હોય જાહેર જનતા અને આંતર રાજય વાહનચાલકોના હિતમાં આ જૂના જર્જરિત બ્રીજ ને તોડવા અને નવીન બ્રીજ બનાવવાની કામગીરી ઝડપથી થાય તે માટે રાજયસભા સાંસદ ડો. જશવંતસિંહ પરમાર દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટી અને કંપનીના ઉચ્ચ સત્તાધીશોનો સંપર્ક કરી સૂચના આપી હતી.

# મોરવા(હ)ના ખાનપુર ગામે વાગડીયા ફળીયામાં પ્રોહિબીશન રેઈડ કરવા ગયેલ પોલીસ ઉપર આરોપી હુમલાના પ્રયાસ કરી સરકારી કામગીરીમાં રૂકાવટ કરતાં ફરિયાદ

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના ખાનપુર ગામે વાગડીયા ફળીયામાં પોલીસ સ્ટાફના કર્મીઓ તથા પંચો સાથે આરોપીના ઘરે રેઈડમાં જતાં પોલીસની સરકારી કામગીરીમાં રૂકાવટ ઉભી કરી હતી અને પોલીસ ઉપર હુમલો કરવાના પ્રયાસ કરવામાં આવ્યો. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધવા પામી છે.

વિસ્તૃત વિગતો મુજબ મોરવા(હ) પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસકર્મી હેડ કોન્સ્ટેબલ મયુરભાઈ કિશનભાઈ, એ.એસ.આઈ. રાજેશભાઈ નુરાભાઈ એ ખાનપુર ગામે વાગડીયા ફળીયામાં રહેતા આરોપી રઘુનાથભાઈ ઉર્ફે રઘુ ગુણવંતભાઈ વાગડીયાને ઘરે પ્રોહિબીશન રેઈડ કરવ માટે પંચો સાથે ગયા હતા. ત્યારે આરોપી રઘુ ગુણવંતભાઈ વાગડીયાએ પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઉભી કરી હતી અને તમે ગમે ત્યાંથી આવ્યા હોય તમે પહેલા બુટ–ચંપલ પહેરી અમારા ઘરના આંગણામાં કેમ ઉભા છો અને તમારે મારા કરમાં કોઈ તપાસ કરવાની નથી હું દારૂનો ધંધો કરું છું. તમે મને રોકવાવાળા કોણ તેમ કહીને આરોપ ઉશ્કેરાઈ ગયો હતો એન લાંબી વળી જેવું લાકડું લઈ એ.એસ.આઈ સામે દોડી આવ્યો હતો. પોલીસે પાવડો પકડી લેતા તમે અહીંથી જતા રહો નહિં તો ફળીયાના બીજા માણસો ભેગા મળી માર મારીશું તેવી ધમકી આપી હતી. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે આરોપી રઘુ ગુણવંતભાઈ વાગડીયા વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામં આવી છે.

# પંચમહાલ સેશન્સ જજ દ્વારા ગોધરા સબ જેલની સરપ્રાઈઝ વિઝીટ કરવામાં આવી



ગોધરા,

પંચમહાલ જીલ્લા સેશન્સ જજ સી.કે.ચૌહાણ દ્વારા ગોધરા સબજેલની સરપ્રાઈઝ વિઝીટ કરવામાં આવી હતી. જેમાં કેદીઓને આપવામાં આવતાં ખોરાકની ગુણવતા અને બેરકની વિઝીટ કરવામાં આવી હતી.

ગોધરા સબજેલમાં આજરોજ પંચમહાલ જીલ્લા મુખ્ય સેશન્સ જજ સી.કે.ચૌહાણ દ્વાર સરપ્રાઈઝ વિઝીટ કરવામાં આવી હતી. તેમના દ્વારા કેદીઓને આપવામાં આવતા ખોરાકની ગુણવત્તાની ચકાસણી કરી હતી. તેમજ કેદીઓના બેરકની પણ વિઝીટ કરવામાં આવી હતી. સેશન્સ જજની વિઝીટ દરમિયાન કેદીઓ દ્વારા કેટલીક રજુઆત કરવામાં આવી હતી અને રજુઆતને ધ્યાનમાં લેવામાં આવી હતી. સાથે સબ જેલમાં સ્વચ્છતા, પાણી, મેડીકલ, સુરક્ષા સહિતની ચકાસણી કરવામાં આવી હતી.

# ભારતીય જનતા પાર્ટી પંચમહાલ દ્વારા જીલ્લાનાં મંડળ પ્રમુખની યાદી જાહેર કરવામાં આવી અને નવીન મંડળ પ્રમુખોની નિમણુક કરવામાં આવી

ગોધરા,

ભારતીય જનતા પાર્ટી દ્વારા હાલ સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત કેન્દ્રીય ચૂંટણી સમિતિની માર્ગદર્શિકા મુજબ પ્રદેશ ચૂંટણી સમિતિ દ્વારા પંચમહાલ જીલ્લામાં બુથ પ્રમુખ સંવાદ તેમજ વિધાનસભા સંકલન સમિતિ સાથે સીધો સંવાદ કરી સકારાત્મકતા અને સમરસતા સાથે મંડળ પ્રમુખોની ચૂંટણી પ્રક્રિયા સંપન્ન કરવામાં આવી હતી. જેના આધારે પંચમહાલ જીલ્લાના મંડળના પ્રમુખોની યાદી સાથે પરિણામ આજ રોજ જાહેર કરવામાં આવ્યું હતું.

જેમાં પંચમહાલ જીલ્લાનાં વિવિધ શહેર અને તાલુકાઓ પ્રમાણે મંડળ પ્રમુખોમાં ગોધરા શહેર ભાજપ મંડળ પ્રમુખ તરીકે નિર્મિત નીમેશભાઈ દેસાઈ,ગોધરા તાલુકામાં સંજય સોમાભાઈ પટેલ, મોરવા હડફ તાલુકામાં તખતસિંહ બાબુભાઈ બારીઆ, ઘોંઘબા તાલુકામાં નરેન્દ્રસિંહ ગણપતસિંહ પરમાર, કાલોલ શહેરમાં પ્રતીક કુમાર અશોકકુમાર ઉપાધ્યાય, કાલોલ તાલુકામાં મહીદીપસિંહ કિશોરસિંહ ગોહિલ, હાલોલ શહેરમાં હરેશકુમાર બી.ભરવાડ, હાલોલ તાલુકામાં જયેન્દ્રસિંહ રમણસિંહ ચૌહાણ, જાંબુઘોડા તાલુકામાં રણજીતસિંહ મગનભાઈ બારીયા, શહેરા શહેરમાં તેજસ શૈલેષ ભાઈ શાહ અને શહેરા તાલુકામાં ધર્મેન્દ્રસિંહ ગજેન્દ્રસિંહ પટેલની નિમણુંક કરવામાં આવી હતી.




Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.106